# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી તા. ૧૭-૦૫-૨૦૨૨

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતાશ્રી રાહુલ ગાંધી અને વરિષ્ઠ નેતાઓની ઉપસ્થિતીમાં સમગ્ર રાજ્યના વિવિધ ઝોનમાં જન સંમેલન કોંગ્રેસ પક્ષ દ્વારા આયોજન કરવામાં આવી રહ્યાં છે. ગુજરાત કોંગ્રેસ દ્વારા આગામી જૂન મહિનામાં ચાર વિભાગીય જનસંમેલનને સફળ બનાવવા, દરેક વિભાગમાં તૈયારી - આયોજન માટે ગુજરાત કોંગ્રેસના સંગઠન પ્રભારી અને રાજસ્થાનના પૂર્વ આરોગ્ય મંત્રી ડૉ. રઘુ શર્માજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવાની ઉપસ્થિતીમાં રાજકોટ, સુરત, વડોદરા અને મહેસાણા ખાતે પક્ષના આગેવાનો, પદાધિકારીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ સાંસદશ્રીઓ સહિત એન.એસ.યુ.આઈ., યુથ કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, સેવાદળ સહિત વિવિધ સેલ-ડીપાર્ટમેન્ટના વડાશ્રીઓની બેઠક યોજાશે. તાજેતરમાં દાહોદ ખાતે કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતાશ્રી રાહુલ ગાંધીએ ઐતિહાસીક આદિવાસી સત્યાગ્રહ રેલીને સંબોધન કર્યું હતું. જેમાં જંગી જનમેદની ઉમટી પડી હતી.

કોંગ્રેસ પક્ષ દ્વારા આગામી સમયમાં યોજાનાર વિભાગીય જનસંમેલનની તૈયારીના ભાગરૂપે ૧૯ મે ના રોજ સૌરાષ્ટ્ર ઝોન માટે રાજકોટમાં ગુરુવારે બપોરે ૧-૦૦ કલાકે હેમુ ગઢવી હોલ ખાતે, ૨૧ મે ના રોજ દક્ષિણ ઝોન માટે સરદાર પટેલ ટાઉન હોલ, બારડોલી ખાતે શનિવારે બપોરે ૧-૦૦ કલાકે, ૨૨ મે ના રોજ મધ્ય ઝોન માટે વડોદરામાં નગર ગૃહ ઓડીટોરીયમ, આજવા રોડ ખાતે બપોરે ૧-૦૦ કલાકે અને ૨૩ મે સોમવાર બપોરે ૧-૦૦ કલાકે ઉત્તર ઝોન માટે કમળાબા કોમ્પ્યુનિટિ હોલ, સાર્વજનીક વિદ્યા સંકુલ, મહેસાણામાં મહત્વની બેઠક યોજાશે. તમામ ઝોનની બેઠકમાં ૧૫૦૦ થી બે હજાર આગેવાનો હાજર રહેશે.

| ઝોન | તારીખ | સ્થળ | સમય |
|---|---|---|---|
| સૌરાષ્ટ્ર ઝોન | ૧૯ મે, ગુરૂવાર | હેમુ ગઢવી હોલ, રાજકોટ | બપોરે ૧-૦૦ કલાકે |
| દક્ષિણ ઝોન | ૨૧ મે, શનિવાર | સરદાર પટેલ ટાઉન હોલ, બારડોલી | બપોરે ૧-૦૦ કલાકે |
| મધ્ય ઝોન | ૨૨ મે, રવિવાર | નગર ગૃહ ઓડીટોરીયમ, વડોદરા | બપોરે ૧-૦૦ કલાકે |
| ઉત્તર ઝોન | ૨૩ મે, સોમવાર | કમળાબા કોમ્પ્યુનિટિ હોલ, સાર્વજનીક વિદ્યા સંકુલ, મહેસાણા | બપોરે ૧-૦૦ કલાકે |

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા